# નીતિશકુમારની રવિવારે મુખ્યમંત્રી તરીકે શપથવિધિ



## બિહારમાં હાઈવોલ્ટેજ રાજકીય ડ્રામાનો આખરે અંત આવ્યો : જીતનરામ માંઝીના રાજીનામાને સ્વીકારી લીધા બાદ નીતિશને સરકાર રચવા આમંત્રણ : ગુડગર્વનન્સનું નીતિશનું વચન : બિહારના લોકોની માંગેલી માફી

પટણા,તા. ૨૦

જેડીયુના શક્તિશાળી નેતા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી નીતિશકુમારની રાજ્યના મુખ્યમંત્રી તરીકે રવિવારે તાજપોશી કરાશે. જીતનરામ માંઝીના રાજીનામાની સાથે જ હાઈવોલ્ટેજ રાજકીય ડ્રામાનો આજે અંત આવી ગયો હતો. રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠીને જીતનરામે રાજીનામુ આપી દીધું હતું અને રાજીનામાનો સ્વીકાર કર્યા બાદ રાજ્યપાલે રાજ્યમાં આગામી સરકારની રચના કરવા નીતિશકુમારને આમંત્રણ આપ્યું હતું. અગાઉ શુક્રવારે નીતિશકુમારે ગુડગવર્નન્સની વાત કરી હતી. લોકસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીનો સંપૂર્ણપણે સફાયો થયા બાદ ગયા વર્ષે રાજીનામુ આપી દેવાના નિર્ણય બદલ નીતિશકુમારે લોકોની માફી માંગી હતી અને બિહારના લોકોને સોરી કહ્યું હતું. નીતિશે કહ્યું હતું કે, જો તેમને ફરી તક મળશે તો જે રીતે સાડા આઠ વર્ષથી લોકોની સેવા કરી હતી તેવી જ રીતે સેવા કરવાની તેમની પ્રાથમિકતા રહેશે. હવે ક્યારે પણ ભાવનામાં જઈને નિર્ણય કરશે નહીં. ફ્રન્ટથી પાર્ટીનું નેતૃત્વ કરવા તેઓ તૈયાર છે.

આરજેડી, કોંગ્રેસના નેતાઓના સમર્થનથી ખુશખુશાલ નીતિશે કહ્યું હતું કે, તેઓ ૮મી ફેબ્રુઆરીના દિવસે સરકારની રચના કરવાનો દાવો કરવા તૈયાર હતા પરંતુ રાજ્યપાલના નિર્ણયની હજુ સુધી રાહ જોવાની ફરજ પડી છે. તેમણે એવી કોઈ વાત કરી ન હતી જેથી વધુ વિવાદ થઈ શકે. પરંતુ કહ્યું હતું કે, ભાજપના જનતાદળ યુનાઈટેડને તોડી પાડવાના પ્રયાસો નિષ્ફળ ગયા છે.

## પહાડી રાજ્ય અરૂણાચલના સ્થાપના દિવસે શ્રેણીબદ્ધ વચનો

# અરૂણાચલ પ્રદેશને ઓર્ગેનિક હબ બનાવવા નરેન્દ્ર મોદીની જાહેરાત

ઈટાનગર,તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અરૂણાચલ પ્રદેશના પાટનગર ઈટાનગરમાં લોકોને અનમોલ નઝરાણાની ભેટ આપી હતી. પહાડી રાજ્યના ૨૯માં સ્થાપના દિવસના પ્રસંગે લોકો સાથે ઉજવણીમાં ભાગ લેતા મોદીએ કહ્યું હતું કે, આ રાજ્યની સ્થાપના દિવસની ઉજવણીમાં ભાગ લઈને તેઓ ગર્વ અનુભવ કરી રહ્યા છે. મોદીએ અરૂણાચલને વધુ રેલવે, માર્ગ અને વિમાની કનેક્ટિવીટી આપવાનું આજે વચન આપ્યું હતું. સ્થાપના દિવસના પ્રસંગે આયોજિત ઉજવણીમાં ભાગ લેવા સવારે ઈટાનગર પહોંચેલા મોદીએ કહ્યું હતું કે, કેન્દ્ર તરફથી આ રાજ્યને સંપૂર્ણ સહકાર પણ મળશે. આ પ્રસંગે બોલતા તેમણે કહ્યું હતું કે, સ્થાપના દિવસના પ્રસંગે અહીં આવીને તેઓ ગર્વ અનુભવ કરી રહ્યા છે. રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ તેમને અહીં આવ્યા બાદ કેટલીક બાબતોની વાત કરી છે. આ રાજ્ય સાથે તેમનો પ્રેમ ખુબ જ અભૂતપૂર્વ છે. મોદીએ કહ્યું હતું કે, ઉત્તર પૂર્વના વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાશે. તેને રેલવે, માર્ગ



અને વિમાની કનેક્શનથી જોડાશે. વધુ સારા જોડાણના લીધે લોકોનો વિકાસ થશે. તેમણે ઉમેર્યું હતું કે, ટ્યુરિઝમને પ્રોત્સાહન મળશે. લોકો આ જમીનની ખુબસુરતીને નિહાળવા માટે પહોંચશે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભારતીય રેલવે નેટવર્ક અરુણાચલ પ્રદેશના રાજ્યમાં સમૃદ્ધિ ઉમેરશે. મોદીએ આ પ્રસંગે નહારલાગનથી નવી દિલ્હી અને ગુવાહાટી સુધીની રેલવે લાઈનની જાહેરાત કરી હતી. એસી એક્સપ્રેસ ટ્રેન અરુણાચલ પ્રદેશ રાજ્ય માટે અનમોલ નઝરાણા સમાન છે તેમ રાજ્યના જન્મદિવસે મોદીએ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તાજેતરના વર્ષોમાં પહાડી રાજ્યોમાં વિકાસની ગતિ ધીમી પડી છે પરંતુ ગરીબીને દૂર કરવાના પ્રયાસ યુદ્ધના ધોરણે કરાશે. સ્પષ્ટરુપરેખા મારફતે ગરીબીને દૂર કરી શકાશે. આગામી પાંચ વર્ષની અંદર અરુણાચલમાં એવા વિકાસને જોઈ શકાશે જે છેલ્લા ૨૮ વર્ષમાં જોઈ શકાયું નથી. ઉપરાંત અરુણચલ પ્રદેશથી નવી દિલ્હી વચ્ચે ટ્રેનની જાહેરાત કરી છે. ઉત્તર પૂર્વના રાજ્યોમાં અન્ય ઘણા પ્રોજેક્ટો શરૂ કરાશે. ઈટાનગર માટે વોટર સપ્લાય ટીમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. મોદીની સાથે રેલવેમંત્રી સુરેશ પ્રભુ પણ હતા. મોદીએ એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર ઉત્તર પૂર્વને ઓર્ગેનિક હબ બનાવવા ઈચ્છુક છે. આના લીધે કૃષિ ઉત્પાદનમાં વધારો થશે. સાથે સાથે લાંબા સમય સુધી ઉદાસીનતામાં રહ્યા બાદ પ્રદેશમાં રજી, થ્રીડી અને ફોરજી કનેક્ટીવિટી રહેશે. ઈન્દિરા ગાંધી પાર્ક ખાતે ઉજવણી કાર્યક્રમમાં મોદીએ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર ઉત્તર પૂર્વને ઓર્ગેનિક હબમાં ફેરવી નાંખશે જેનાથી કૃષિ અને હોર્ટિકલ્ચર પ્રોડક્શનને પ્રોત્સાહન મળશે.

### વાણિજ્ય મંત્રાલય દ્વારા રજૂઆત કરવામાં આવી

# બજેટ : પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડ માટે ૧૦૦ કરોડની માંગ

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્રીય બજેટ પહેલા જુદા જુદા વિભાગો દ્વારા તેમની રજૂઆત માંગને લઈને કરવામાં આવી ચુકી છે.જેના ભાગરૂપે વાણિજ્ય મંત્રાલય દ્વારા દેશમાં પ્રોજેક્ટ એક્સપોર્ટને પ્રોત્સાહન આપવા માટે ૧૦૦ કરોડની પ્રાથમિક રકમ સાથે પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડની રચના કરવાની માંગ કરી છે. તેના બજેટ સુચનમાં વાણિજ્ય મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે ફંડની રચના કરવા સાથે સંબંધિત તેની લાંબા ગાળાની માંગને પૂર્ણ કરવામાં આવે તે જરૂરી છે.બજેટમાં આની નાણાં પ્રદાન અરૂણ જેટલી જાહેરાત કરશે તેવી અપેક્ષા આ મંત્રાલય રાખે છે. ફંડના લીધે પ્રોજેક્ટ એક્સપોર્ટને પ્રોત્સાહન મળશે ખાસ કરીને કમ્બોડિયા, લાઓસ, મ્યાનમાર અને વિયેતનામ જેવા જેશોમાં ફાયદો કરાવશે. સ્પિનિંગ અને અન્ય ટેક્સટાઈલ સાથે સંબંધિત પ્રવૃતિઓ જેવા સેક્ટરમાં આ પ્રદેશોમાં વ્યાપક તક રહેલી છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશને કહ્યું છે કે પ્રોજેક્ટ ડેવલપમેન્ટ ફંડ ભારતના પ્રોજેક્ટ એક્સપોર્ટને મદદ કરશે. સાથે સાથે મર્કેન્ડાઈઝ અને સર્વિસ સેક્ટરને મોટો ફાયદો થશેજેટલી બજેટ રજૂ કરતી વેળા આ વખતે એક્સાઈઝ ડ્યુટીમાં રાહત આપી શકે છે. સામાન્ય બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલીના બજેટને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. વિશ્વસનીય સુત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકાર બજેટ રજૂ કરતી વેળા આ વખતે મેક ઈન ઈન્ડિયા કોન્સેપ્ટ પર ખાસ નજર રાખશે. બજેટમાં એક્સાઈઝ ડ્યુટીમાં મોટી રાહતો મળી શકે છે. ભારતમાં ઉત્પાદન કરવા અને વિદેશી અથવા તો સ્થાનિક કંપનીઓને કોઈ તકલીફ ન પડે તેની ખાતરી કરવામાં આવનાર છે. બજેટમાં ઓછી એક્સાઝિ ડ્યુટીનો લાભ લઈ શકાય તે માટે પ્રયાસ કરાશે. ઉપરાંત ઈકોનોમી માર્કેટને લાભ મળી શકે તોવો હેતુ રાખવામાં આવી રહ્યો છે. સરકાર દરેક બજેટમાં સર્વિસ ટેક્સની જાળને વધુ વિસ્તૃત કરે છે. બજેટમાં સામાન્ય લોકો અને કારોબારી કેટલીક અપેક્ષા રાખે છે. ફેબ્રુઆરી મહિનામાં દર વર્ષે સરકારના રેલવે બજેટ અને ત્યારબાદ સામાન્ય બજેટ પર લોકોની નજર રહે છે. કારણ કે બન્ને બજેટમાં લોકો માટે કેટલીક મહત્વપૂર્ણ ચીજો જાહેર કરવામાં આવે છે. આ વખતે કેન્દ્ર સરકાર પાસેથી મોટી અપેક્ષા લોકો રાખી રહ્યા છે. કારણ કે સરકાર સંપૂર્ણ બહુમતિ ધરાવે છે. વાણિજ્ય મંત્રાલયની માંગ ખુબ મહત્વપૂર્ણ રહી છે. આ માંગ કેટલીક સમયથી પેન્ડિંગ પણ છે.

# કોલસા હરાજી દ્વારા સરકારને ૮૩૬૬૨ કરોડ રૂપિયા મળ્યા

## ૨૭ બ્લોક અનરેગ્યુલેટેડ અને ૫૬ બ્લોક રેગ્યુલેટેડ પાવર સેક્ટરોને મળ્યા પ્રથમ તબક્કામાં ૧૯ બ્લોકની હરાજી

નવીદિલ્હી,તા. ૨૦

કોલસા બ્લોકની આજે હરાજી સાતમાં દિવસે રહી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા જે કોલસાબ્લોકની ફાળવણી રદ કરવામાં આવી હતી તે ફાળવણીના સાતમાં દિવસે સરકારે આજે જાહેરાત કરી હતી કે તે ૨૫મી ફેબ્રુઆરી સુધી હરાજીનો બીજો તબક્કો શરૂ કરશે. સરકારે હજુ સુધી ૮૪૦૦૦ કરોડ ઉભા કર્યા છે. કોલસા બ્લોક હરાજી મારફતે ૮૪૦૦૦ કરોડ મળી ચુક્યા છે. કોલસા સેક્રેટરી અનિલ સ્વરુપે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, બીજો તબક્કો ૨૫મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને બીજી એપ્રિલ સુધી ચાલશે. તેમણે કહ્યું હતું કે, ૨૭ બ્લોક અનરેગ્યુલેટેડ સેક્ટર માટે ફાળવવામાં આવ્યા છે જ્યારે ૫૬ બ્લોક રેગ્યુલેટેડ પાવર સેક્ટરને જશે. ૩૧મી માર્ચ સુધી હરાજી અથવા તો અન્ય રીતે ૮૪ બ્લોકની ફાળવણી કરાશે. કોલસા બ્લોકની ઈ-હરાજી મારફથે સરકારે હજુ સુધી ૮૩૬૬૨ કરોડ રૂપિયા ઉભા કર્યા છે. આ રકમ પૈકીની મોટાભાગની રકમ ગરીબ રાજ્યોને મળશે. ઓરિસ્સાને ૬૦૭ કરોડ, મધ્યપ્રદેશને ૩૯૯૦૦ કરોડ, મહારાષ્ટ્રને ૧૮૯૦૦ કરોડ મળી શકે છે. સ્વરુપે કહ્યું હતું કે, જિંદાલ વિનિંગ બીડ પણ આમા સામેલ છે. વર્ષ ૨૦૧૨માં કેગે એમ જણાવીને ખળભળાટ મચાવી દીધો હતો કે, અગાઉની યુપીએ સરકારના ગાળા દરમિયાન કોલસા બ્લોકની ફાળવણીના લીધે સરકારને ૧૮૬૦૦૦ કરોડનું નુકસાન થયું છે. કોલસા બ્લોકની ફાળવણી અગાઉ સ્ક્રીનિંગ કમિટિ મારફતે કરાઈ હતી. ગયા સપ્ટેમ્બર મહિનામાં સુપ્રીમ કોર્ટે ૨૦૪ ખાણની ફાળવણી રદ કરી હતી. ત્યારબાદ સરકારે બ્લોકની હરાજીનો નિર્ણય કર્યો હતો. ૧૯ બ્લોકની હરાજી પ્રથમ તબક્કામાં કરાઈ છે. આના માટેની છેલ્લી તારીખ ૨૨મી ફેબ્રુઆરી હતી.

# વિજળી અને પાણીના દરને ટુંકમાં ઘટાડાશે : કેજરીવાલ

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હીમાં સ્પષ્ટ બહુમતિ મેળવીને સત્તા ઉપર આવેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે



વિજળી અને પાણીના દરમાં કાપ મુકવાની ખાતરી આપી હતી. રાષ્ટ્રીય પાટનગરમાં આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લેતા કેજરીવાલે કહ્યું હતું કે, વિજળી અને પાણીના બિલમાં ઘટાડો કરવા બ્લુપ્રિન્ટ તૈયાર કરી લેવામાં આવી છે. ટૂંક સમયમાં સારા સમાચાર લોકોને અપાશે. દિલ્હીના લોકોને ખાતરી આપતા તેમણે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીની સરકાર ભ્રષ્ટાચાર વિરોધી હેલ્પલાઈનની શરૂઆત કરી મફત પાણી આપી વચનને પાળશે. હાલમાં જ યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં એએપીને પ્રચંડ બહુમતિ મળી હતી. ૭૦ સભ્યોની વિધાનસભામાં એએપીને ૬૭ બેઠકો મળી હતી. જ્યારે ભાજપને માત્ર ત્રણ બેઠકો મળી હતી. કોંગ્રેસને એક પણ બેઠક મળી ન હતી. મંગળવારના દિવસે એએપી સરકારે વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી કોન્ટ્રાક્ટ પર રહેલા કર્મચારીઓની સેવાને બંધ ન કરવાનો આદેશ કર્યો હતો. આ નિર્ણયથી સરકારના જુદા જુદા વિભાગોમાં રહેલા અને કામ કરતા એક લાખથી વધુ કોન્ટ્રાક્ટ કર્મચારીઓને સીધો ફાયદો થશે. સરકારે ૭મી ફેબ્રુઆરીએ યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા પ્રચાર દરમિયાન કોન્ટ્રાક્ટ ઉપર રહેલા કર્મચારીઓને નિયમિત કરવાનો આદેશ કર્યો હતો. દિલ્હીમાં હાલમાં શાનદાર જીત મેળવ્યા બાદ કેજરીવાલની સરકાર એક પછી એક વચનો પાળવાની દિશામાં આગળ વધશે. કર્મચારીઓ અને સામાન્ય લોકો પણ આની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

# કૈલાશ માનસરોવરની યાત્રા હવે વાહનો સાથે કરી શકાય

નવી દિલ્હી,તા. ૨૦

ચીનના તિબેટ વિસ્તારમાં સ્થિત કૈલાશ માનસરોવરની યાત્રા હવે શ્રદ્ધાળુઓ વાહનની સાથે પણ કરી શકે છે. આના માટે લોકો હવે સમગ્ર યાત્રા નવા રૂટથી કરી શકે છે. સિક્કિમના નાથુલાથી થઈને આ યાત્રા કરી શકાય છે. જો કે આના માટે શ્રદ્ધાળુઓને થોડાક વધારે નાણાં ખર્ચ કરવા પડશે. વિદેશ પ્રદાન સુષ્મા સ્વરાજે કૈલાશ માનસરોવરની યાત્રા કરવા ઈચ્છુક લોકો માટે એક વેબસાઈટ શરૂ કરી દીધી છે. તેમણે કહ્યું હતું કે સિક્કિમના નાથુલાથી જતા નવા માર્ગ પર યાત્રી ૧૮મી જુનથી યાત્રા કરી શકશે. વિદેશ પ્રધાને કહ્યું હતું કે નવા માર્ગથી યાત્રાના પ્રથમ વર્ષે ૫૦ની બેચમાં પાંચ ગ્રુપ રવાના કરવામાં આવનાર છે. આ યાત્રા પર કુલ એક લાખ ૭૦ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવનાર છે. જ્યારે ઉત્તરાખંડના લિપુલેખથી જતા માર્ગ પર એક લાખ ૫૦ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. લિપુલેખ માર્ગ આશરે ૨૦૦ કિલોમીટર છે. આ રસ્તાથી લોકો ચાલતા પણ યાત્રા કરી શકે છે.આ રસ્તાથી સમગ્ર રીતે સ્વસ્થ લોકો જ જઈ શકે છે. જ્યારે નાથુલાથી મોટી વયના લોકો પણ યાત્રા કરી શકે છે. વિદેશ પ્રધાને કહ્યું હતું કે લિપુલેખથી થઈને યાત્રા આઠમી જુનથી શરૂ કરાશે. જ્યારે આ યાત્રા ૬૦-૬૦ની ટુકડીમાં ૧૮ બેચમાં રહેશે.સુષ્માની ચીન યાત્રા દરમિયાન આ પ્રશ્ને સમજુતી થઈ હતી. કૈલાશ માનસરોવર માટે યાત્રા આઠમી જુનથી નવમી સપ્ટેમ્બર સુધીની રહેશે. તેના માટે અરજી કરવાની અંતિમ તારીખ ૧૦મી એપ્રિલની રહેશે. મંત્રાલય દ્વારા આના માટે હેલ્પલાઈન ૨૪૩૦૦૬૫૫ શરૂ કરી છે.

# પાંચ દિન માટે મોહન ભાગવત રાજસ્થાનમાં

ભરતપુર,તા. ૨૦

આરએસએસના વડા મોહન ભાગવત પાંચ દિવસની મુલાકાતે આજે રાજસ્થાન પહોંચી ગયા હતા. મોહન ભાગવત હવે જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ શહેરમાં ચાર દિવસ રોકાશે. ભાગવત આદર્શ વિદ્યામંદિરમાં આરએસએસની બેઠકમાં હાજરી આપશે. તેઓ ખાંનવામાં રાજપૂત શાસક રાણા સાંગાની યાદમાં સંબોધન પણ કરશે. આરએસએસના પ્રવક્તા મહેન્દ્ર સિંઘલે આજે આ મુજબની માહિતી આપી હતી. તેવો ૨૧ અને ૨૨મી ફેબ્રુઆરીના દિવસે અન્ય કાર્યક્રમોમાં ભાગ લેશે. ૨૩મી ફેબ્રુઆરીએ જયપુર જવા રવાના થશે. ૨૪મી ફેબ્રુઆરીએ જયપુરમાં સંત સમાગમ કાર્યક્રમ યોજાશે. સંઘ વડાની યાત્રાને ધ્યાનમાં લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. સંઘના વડા પહેલાથી જ ઝેડ પ્લસની સુરક્ષા ધરાવે છે. તેમની યાત્રાની તમામ તૈયારીઓ પહેલાથી જ કરી લેવામાં આવી હતી.

### વર્લ્ડકપના ઇતિહાસની સૌથી ઝડપી અડધી સદી

# મેક્કુલમે ઈંગ્લેન્ડના બોલરને ધોળા દિને જ તારા બતાવ્યા

વેલિંગ્ટન,તા. ૨૦

વેલિંગ્ટનમાં રમાયેલી ગ્રુપ એની મેચમાં આજે અનેક રેકોર્ડ સર્જાયા હતા. એક બાજુ મેક્કુલમે ઈંગ્લેન્ડના બોલરોને મેદાનની



ચારેબાજુ ફટકારીને માત્ર ૧૮ બોલમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી સૌથી ઝડપી અડધી સદી બનાવવાનો રેકોર્ડ ફરી પોતાના નામ ઉપર કરી દીધો હતો. ૫૦ ઓવરમાં વર્લ્ડકપમાં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ અગાઉ પણ મેક્કુલમના નામ ઉપર જ હતો. મેક્કુલમે ૨૦૦૭ના વર્લ્ડકપમાં કેનેડા સામે ૨૦ બોલમાં અડધી સદી ફટકારી હતી. મેક્કુલમે વનડેમાં બે વખત ૧૯ બોલમાં અડધી સદી ફટકારી છે. મેક્કુલમે ૨૦૦૭માં બાંગ્લાદેશ સામે ૧૯ બોલમાં અને શ્રીલંકા સામે આ વર્ષે ક્રાઈસ્ટ ચર્ચમાં ૧૯ બોલમાં અડધી સદી ફટકારી છે. જ્યારે વર્લ્ડકપ ૨૦૦૭માં કેનેડા સામે મેક્કુલમે ૨૦ બોલમાં અડધી સદી ફટકારીને સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ પોતાના નામ ઉપર કર્યો હતો. આ રેકોર્ડને આજે ઈંગ્લેન્ડ સામે મેક્કુલમે ફરી તોડી દીધો હતો. વર્લ્ડકપમાં અન્ય કેટલાક રેકોર્ડ પણ આજે સર્જાયા હતા. મેક્કુલમે ૨૫ બોલમાં ૭૭ રનની ઈનિંગ્સ રમી હતી જેમાં તેનો સ્ટ્રાઈક રેટ ૩૦૮નો રહ્યો હતો જે ૫૦ ઓવરની મેચમાં કોઈપણ ખેલાડી દ્વારા મેળવવામાં આવેલો સૌથી ઝડપી સ્ટ્રાઈક રેટ છે. ઈંગ્લેન્ડની ટીમનો આજે ફ્લોપ શો રહ્યો હતો.

# રેલવે બજેટ : ભાડામાં કોઈ ઘટાડો નહીં કરાય

નવીદિલ્હી,તા. ૨૦

રેલવે યાત્રી ભાડામાં ઘટાડો કરવામાં આવશે તેવી અપેક્ષા રાખી રહેલા લોકોને નિરાશાનો સામનો કરવો પડી શકે છે. કારણ કે, મોદી સરકાર રેલવે બજેટમાં કોઈ ઘટાડો નહીં કરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. રેલવે બજેટ રજૂ થાય તેના એક સપ્તાહ પહેલા ગઈકાલે સરકારે રેલવે યાત્રી ભાડામાં કોઈ ઘટાડો કરાશે તેવી શક્યતાને નકારી કાઢી હતી. રેલવે રાજ્યપ્રધાન મનોજ સિંહાએ કહ્યું હતું કે, યાત્રી ભાડામાં ઘટાડો થાય તેવી કોઈ શક્યતા દેખાતી નથી. કારણ કે સબસિડીના પરિણામ સ્વરુપે રેલવે યાત્રી ભાડા પહેલાથી જ ખુબ ઓછા છે. એ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, યાત્રી ભાડામાં હાલમાં ઘટાડો કરાય તેવી સ્થિતિ નથી. સરકાર સબસિડી આપી રહી છે. રેલવેના નાણાંકીય સંશાધનો વધુ એકત્રિત કરવા પ્રયાસ કરશે. સાથે સાથે લોકોના હિતને પણ ધ્યાનમાં લેવાશે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ડિઝલની કિંમતમાં કાપ મુકવામાં આવ્યા બાદ રેલવે યાત્રી ભાડા ઘટાડાશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આ મુદ્દે ટૂંકમાં નિર્ણય કરાશે. બજેટ સત્ર ૨૩મીથી શરૂ થશે. ૨૬મીએ રેલવે બજેટ શરૂ થશે. ૨૭મીએ આર્થિક સર્વે રજૂ કરાશે જ્યારે ૨૮મીએ સામાન્ય બજેટ રજૂ કરાશે.

## હાઈવે સેક્ટર ફાળવણી બે ગણી કરાય તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૦

કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલી ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે ત્યારે તેમની સમક્ષ તમામ સામાન્ય લોકો અને ઉદ્યોગજગતને સંતુષ્ટ કરવાની મોટી જવાબદારી રહેશે. કેટલાક સેક્ટરને ફાવળણી વધારી દેવામાં આવનાર છે. જ્યારે કેટલાક સેક્ટરોની ફાળવણીમાં કાપ મુકવામાં આવી શકે છે. આગામી બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રચરને વેગ આપવાના ભાગરૂપે હાઈવે સેક્ટરની ફાળવણીને બે ગણી કરવામાં આવી શકે છે. હાઈવે સેક્ટરની ફાળવણીને વધારીને ૪૫૦૦૦ કરોડ કરવામાં આવી શકે છે. આયોજકો પણ નક્કરપણે માને છે કે જો ફંડ સરળરીતે ઉપલબબ્ધ રહેશે તો આ સેક્ટરમાં ઝડપી પરિણામ હાંસલ કરી શકાશે. નરેન્દ્ર મોદી સરકાર વર્તમાન નાણાંકીય વર્ષમાં ૮૫૦૦ કિલોમીટરના તેના ટાર્ગેટના ૪૦૦૦ કિલોમીટરની આશરે કોન્ટ્રાક્ટ મેળવી ચુકી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય વર્ષ ૨૦૧૫-૧૬ માટે બીજા ૮૫૦૦ કિલોમીટરના ટાર્ગેટ સાથે આગળ વધવા માટે ઈચ્છુક છે. હાઈવે સેક્ટરમાં ખાનગી રોકાણની સ્થિતી નબળી પડી રહી છે ત્યારે સરકાર ઝડપથી આગળ વધવા માટે ઈચ્છુક છે. જો ફંડ સરળરીતે ઉપલબ્ધ બને તો આ સેક્ટર ઝડપથી આગળ વધી શકે છે.

## સમાચાર ઝલક

- સૌરાષ્ટ્રના ૧૩૦ માછીમારો પાકિસ્તાનથી મુકત થતાં પરિવાર સાથે મિલન થયું.
- ધ્રાંગધ્રાના રાજપર ગામે પત્નીના ત્રાસથી પતિએ જીવન ટુંકાવ્યું.
- ગોંડલમાં આજે સલમાન ખાન 'પ્રેમ રતન ધન પાયો'નું શુટીંગ કરશે.
- ભાવનગરના ૨૦ વર્ષ જુના ચકચારી સામુહિક બળાત્કાર પ્રકરણમાં ત્રણને ૧૦ વર્ષની કેદ.
- વડોદરા પોલીસના પેટ્રોલ ચોરી કૌભાંડમાં પોલીસ ઈન્સ્પેક્ટરની ધરપકડ.
- ગુજરાતના યુવાનો લશ્કર માટે અનફીટ. ૩૦૦૦ ઉમેદવારોમાંથી માત્ર ૩૫૬ ઉમેદવારો ફીટ થયા.
- સૌર ઉર્જાથી ઉડતું વિશ્વનું પ્રથમ સિંગલ સિટર વિમાન ઉતરશે અમદાવાદમાં.
- બજરંગદળના બાબુ બજરંગીને લગ્ન પ્રસંગના કારણે વચગાળાના જામીન મળ્યા.
- સૌરાષ્ટ્રના કચ્છમાં ભુકંપના ૬ આંચકા.
- આજે માતૃભાષા ગૌરવદિન ઉજવાશે. ઠેર ઠેર ગીતો ગુંજશે.
- જનધન યોજનામાં રૂ. ૧૨૫૦ સિલક હશે તોજ લોન મળશે.
- ફિલ્મ અભિનેતા શકિતકપુરના કાનમાંથી બુટ્ટી ખેંચાઈ.
- કેન્સરના જીવાણુંને એસ્પિરિન રોકે છે.
- વિરાટે મેલબોર્નના સલુનમાં કપાવ્યા વાળ : અપનાવ્યો રોનાલ્ડોનો લુક.
- મોદીની કુલ સંપત્તિ કરતા અઢી ગણી કિંમતમાં વેચાયો તેમનો સુટ!